તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૦ ૨૧ ડિસેમ્બર, ૨૦૧૬, બુધવાર ; માગશર વદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# બે કરોડના કેશલેસ કારોબાર પર ટેક્સમાં છૂટ

**ડિજિટલ ઇકોનોમી અને પેમેન્ટને પ્રોત્સાહન આપવા રાહતની જાહેરાત : નાના કારોબારીને જેટલીની જાહેરાતથી મોટો ફાયદો થશે : ડિજિટલ મોડથી પેમેન્ટ ટ્રાન્ઝિક્શન પર આવક છ ટકા એટલે કે ૧૨ લાખ ગણાશે : જેટલી**




નવીદિલ્હી,તા. ૨૦

ડિજિટલ ઈકોનોમીની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું લઈને સરકારે આજે નાના કારોબારીઓ અને વેપારીઓ માટે મોટી રાહતની જાહેરાત કરી હતી. સરકારે આજે જાહેરાત કરી હતી કે, બે કરોડ રૂપિયા સુધીના ટર્નઓવરવાળા કારોબારી જો ડિજિટલ ટ્રાન્ઝિક્શન કરશે તો તેમની અંદાજિત આવક આઠ ટકાના બદલે છ ટકા કરવામાં આવશે અને આના ઉપર ટેક્સ આપવાની જરૂર પડશે. જેટલીએ કહ્યું હતું કે, બે કરોડ પર ચેક અથવા ડિજિટલ મોડથી પેમેન્ટ ટ્રાન્ઝિક્શન પર આવક છ ટકા એટલે કે ૧૨ લાખ રૂપિયા ગણાશે જ્યારે ડિજિટલ પેમેન્ટ નહીં કરવાની સ્થિતિમાં આવક આઠ ટકા એટલે કે ૧૬ લાખ રૂપિયા ગણાશે એટલે કે ડિજિટલ કારોબાર નહીં હોવાની સ્થિતિમાં અંદાજિત આવક આઠ ટકા ગણાશે. સાથે સાથે નાણામંત્રીએ લોકોને સલાહ આપી હતી કે, જો તેની પાસે જુની નોટ છે તો તે પોતાના બેંક ખાતામાં એક વખતમાં જ તમામ રકમ જમા કરી દે. કારણ કે, વારંવાર જુની નોટ જમા કરવાની સ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

નવી દિલ્હી,તા. ૨૦

ઉત્તર ભારતમાં આજે પણ ધુમ્મસના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. ઓછામાં ઓછી ૩૪ ટ્રેનોના કાર્યક્રમમાં વિલંબ થઈ રહ્યો છે. જ્યારે બે ટ્રેનોને રદ કરવાની ફરજ પડી છે. રેલવે અધિકારીઓ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. ૩૪ ટ્રેનો લેટ થતાં મોટી સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા હતા. નોર્થન રેલવેના અધિકારીઓના કહેવા મુજબ જોગબાની આનંદવિહાર એક્સપ્રેસ ૧૧ કલાક મોડી દોડી રહી છે.

## જપ્ત ૧૦૦ કરોડની નવી નોટ ફરીથી સરક્યુલેશનમાં મુકાશે

**જપ્ત નોટોનું શુ થશે તેને લઇને ચાલતી ચર્ચાનો અંત : ઇડી, ઇન્કમટેક્સ તેમજ પોલીસ દ્વારા હાલમાં જ જુદા જુદા ભાગોથી જંગી માત્રામાં નવી નોટો પકડી પાડી છે**



નવીદિલ્હી,તા. ૨૦

નોટબંધી બાદથી દેશના જુદા જુદા ભાગોમાંથી પકડી પાડવામાં આવેલી ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની નવી નોટનું હવે શું થશે તેને લઈને સામાન્ય લોકો પ્રશ્નો કરી રહ્યા છે ત્યારે ઈન્કમ ટેક્સ વિભાગ અને પોલીસ દ્વારા આને લઈને તૈયારી કરી લીધી છે. ઈડી અને ઈન્કમટેક્સ વિભાગ દ્વારા છતાં પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલી નવી નોટમાં ૨૦૦૦ રૂપિયાની નવી નોટનો પણ સમાવેશ થાય છે. ઈડી દ્વારા ડિપોઝિટ કરવામાં આવેલી નવી નોટના સંદર્ભમાં ઝોનલ યુનિટને સૂચના આપી દીધી છે. નોટબંધી બાદ જપ્ત કરવામાં આવેલી રૂપિયા ૧૦૦ કરોડની નવી નોટ ફરી સરક્યુલેશનમાં આવી જશે. જુદા જુદા શહેરોમાં એજન્સી દ્વારા આ અંગેની સૂચના આપી દેવામાં આવી છે. નવી નોટ ફરી સરક્યુલેશનમાં આવી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જુદા જુદા શહેરોમાં એજન્સીઓ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતે સીરીઝમાં ૪-૦થી કબજો જમાવ્યો

**જાડેજાનો ફરી તરખાટ : બીજી ઇનિંગ્સમાં જાડેજાએ ૪૮ રન આપીને સાત વિકેટ ઝડપી ઇંગ્લેન્ડની ટીમ બીજા દાવમાં માત્ર ૨૦૭ રનમાં જ ઓલઆઉટ : ભારતીય ટીમ છેલ્લી ૧૮ ટેસ્ટથી અપરાજિત : ટીમ ઇન્ડિયા ટેસ્ટ રેંકિંગમાં ફરી પ્રથમ ક્રમ પર પહોંચી**




ચેન્નાઈ,તા. ૨૦

ચેન્નાઈના ઐતિહાસિક ચેપોક મેદાન પર રમાયેલી પાંચમી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં પણ જીત મેળવીને ભારતે આ શ્રેણી ૪-૦થી જીતી લીધી છે. ભારતે આ શ્રેણીમાં ઈંગ્લેન્ડ પર વ્હાઈટવોશ કરવામાં સફળતા મેળવી છે. મેન ઓફ દ મેચ તરીકે રવિન્દ્ર જાડેજાની પસંદગી કરવામાં આવી હતી. જાડેજાએ બીજી ઈનિંગ્સમાં જોરદાર તરખાટ મચાવ્યો હતો. પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીમાં ભારતે ૪-૦થી કબજો જમાવી લીધો છે. આ ટેસ્ટ મેચ ભારતે એક ઈનિંગ્સ અને ૭૫ રને જીતી લીધી હતી. ઈંગ્લેન્ડ તરફથી રવિન્દ્ર જાડેજાએ ૭ વિકેટ ઝડપી હતી. ભારત તરફથી પ્રથમ ઈનિંગ્સમાં સાત વિકેટે ૭૫૯ રન કરવામાં આવ્યા હતા. ભારત તરફથી કરુણ નાયરે ૩૦૩ રન બનાવ્યા હતા જ્યારે ઓપનિંગ બેટ્સમેન રાહુલે ૧૯૯ રન કર્યા હતા. ઈંગ્લેન્ડની ટીમ તેના બીજા

● અનુસંધાન પાન-૭ પર




# નવા નિયંત્રણો હતાશા દર્શાવે છે : ચિદમ્બરમ

**હતાશામાં હતાશ પગલા લેવાઈ રહ્યા છે : આરબીઆઈ અને નાણામંત્રી જુદા જુદા અભિપ્રાય આપી રહ્યા છે જેથી લોકો દુવિધાભરી સ્થિતિમાં મુકાઇ ગયા છે**

નવીદિલ્હી,તા. ૨૦

ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે આજે સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યં હતું કે, જુની નોટના જમા કરવા ઉપર લાદવામાં આવેલા નવા નિયંત્રણો હતાશ સરકાર દ્વારા લેવામાં આવેલા હતાશ પગલાનો સંકેત આપે છે. ચિદમ્બરમે કહ્યું હતું કે, સંગ્રહખોરો પહેલાથી જ તેમના નાણા સુરક્ષિત કરી ચુક્યા છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જ વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, નવા નિયંત્રણોના પરિણામ સ્વરુપે સરકારની હતાશા સ્પષ્ટપણે નજરે પડે છે. જુની નોટો ૧૫મી ડિસેમ્બર સુધી ઉપયોગમાં આવી હતી. ૩૦મી ડિસેમ્બર સુધી આ નોટો કેમ જમા કરવા માટે વધારે સ્પષ્ટ સુચના આપવામાં આવી નથી તે બાબત નિરાશા સર્જે છે.

● અનુસંધાન પાન-૭ પર






## નોટબંધીના ૪૨મા દિવસેય લાઈનો

નવી દિલ્હી,તા. ૨૦

નોટબંધીના આજે ૪૨માં દિવસે પણ લોકોની હાલત યથાવત ચિંતાજનક રહી હતી. નોટબંધીના ૪૨માં દિવસે નાના કારોબારીઓ માટે નાણામંત્રી અરુણ જેટલી દ્વારા કેટલીક રાહતોની જાહેરાત કરવામાં આવી હતી. આજે પણ બેંકો અને એટીએમ ઉપર લાંબી લાઈનો યથાવરીતે જોવા મળી હતી. કેટલાક એટીએમ ઓપરેશનમાં આવવાના લીધે ત્યાં લાંબી લાઈનો લાગી હતી. નાણામંત્રી કહી ચુક્યા છે કે, સ્થિતિમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે.

